1. સિંધુ સંસ્કૃતિનું સૌથી મોટું ભારતીય સ્થળ કયું છે?

a) મોહેં-જો-દડો
b) લોથલ
c) ચાનહુ-દડો
d) ધોળાવીરા

2. આદ્ય શંકરાચાર્યે ભારતની ચારેય દિશામાં ચાર મઠ સ્થાપ્યા છે જે પૈકી કયો મઠ દ્વારકામાં આવેલ છે ?

a) જ્યોતિર
b) શૃંગેરી
c) ગોવર્ધનપીઠ
d) શારદાપીઠ

3. સિધ્ધરાજ જયસિંહના સમયમાં ક્યા મહાન આચાર્ય થઈ ગયા?

a) દ્રોણાચાર્ય
b) હેમચંદ્રાચાર્ય
c) આર્યભટ્ટ
d) ગુણવંતરાય આચાર્ય

4. જેસોરની ટેકરીઓ ક્યા સ્થળોની વચ્ચે આવેલી છે ?

a) દાંતા અને પાલનપુર
b) બોટાદ અને ગઢડા
c) ગાંધીનગર અને વિસનગર
d) તળાજા અને સાળંગપુર

5. બનાસકાંઠા જિલ્લામાં મળતું નીચેનું ક્યું ખનીજ સિરામીક ઉધોગમાં ટાઇલ્સ પર ચમક લાવવા વપરાય છે?

a) ગ્રેફાઈટ
b) બેન્ટોનાઈટ
c) વુલેસ્ટોનાઈટ
d) કેલ્સાઈટ

6. કર્કવૃત્તને બે વાર ઓળંગતી ભારતની એકમાત્ર નદી કઈ છે?

a) મહી નદી
b) મહા નદી
c) ચંબલ નદી
d) નર્મદા નદી

7. નીચે પૈકી રાષ્ટ્રીય ઉધાન માટે કયું વિધાન સાચું છે?

a) રાષ્ટ્રીય ઉધાન અભયારણ્યની તુલનામાં વધારે સંરક્ષિત ક્ષેત્ર હોય છે.
b) રાષ્ટ્રીય ઉધાનમાં પાલતુ પશુઓને ચરાવવા પર સંપૂર્ણપણે પ્રતિબંધ હોય છે.
c) A અને B બંને
d) એકપણ નહીં.

8. વિવિધ માનવીય પ્રવૃત્તિઓ દ્વારા વાતાવરણમાં ઉત્સર્જિત થતા કુલ કાર્બન ડાયોકસાઇડ અને મિથેનની માત્રાને શું કહેવામાં આવે છે?

a) કાર્બન ડેન્સીટિ
b) કાર્બન ફૂટપ્રિન્ટ
c) કાર્બન મફલર
d) કાર્બન વેલોસિટી

9. ગુજરાત સરકારની વોટર એન્ડ સેનિટેશન મેનેજમેન્ટ ઓર્ગેનાઇઝેશન (WASMO) સંસ્થા કયા પ્રકારની કામગીરી કરે છે ?

a) પેયજળ અને સ્વચ્છતાની સગવડો ઉભી કરવી
b) ખેડૂતોને માર્ગદર્શન આપવું
c) આરોગ્ય વિષયક કાર્યક્રમો તૈયાર કરવા
d) શિક્ષણ ક્ષેત્રમાં માળખાકીય સવલતો ઉભી કરવી

10. ગુજરાતી ભાષાની પહેલી નવલકથા કઈ ?

a) સોરઠ તારાં વહેતાં પાણી
b) ચકરાવો
c) સરસ્વતી ચંદ્ર
d) કરણઘેલો

11. નીચે પૈકી કયો વિકલ્પ સાચો નથી?

a) મુદ્રારાક્ષસ-વિશાખદત્ત
b) કથાસરિતસાગર-સોમદેવ
c) હુમાયુનામા-હુમાયુ
d) કુમારસંભવ-કાલિદાસ

12. ઇન્દોરના મહારાણી અહલ્યાબાઈએ ગુજરાતમાં મૂળ મંદિરની બાજુમાં એ જ ભગવાનનું મંદિર ક્યા સ્થળે બાંધેલ છે ?

a) દ્વારકા
b) સોમનાથ
c) મુળ દ્વારકા
d) ડાકોર

13. નીચેના પૈકી કયો કપ/ટ્રોફી પોલો રમત સાથે સંકળાયેલ છે?

a) ડેવીસ કપ
b) ચેમ્પીયન ટ્રોફી
c) રાધા મોહન કપ
d) દેવધર ટ્રોફી

14. કબડ્ડીની રમતમાં "ઘેરો તોડવો" કૌશલ્ય કયા પક્ષનું છે?

a) બચાવ પક્ષ
b) ચઢાઈ કરનાર પક્ષ
c) બંને પક્ષ
d) અહીં દર્શાવેલ ત્રણ પૈકી એક પણ નહી.

15. રણજી ટ્રોફી જેના નામથી રમાય છે તે ક્રિકેટ ખેલાડી ક્યા શહેરના હતા ?

a) રાજકોટ
b) વડોદરા
c) ભાવગનર
d) જામનગર

16. જવ, દહીં, ચોખા તથા કચરેલા ફળોના રસમાં રહેલ પ્રાકૃતિક શર્કરામાં ________ ને ઉછેરીને આલ્કોહોલનું ઉત્પાદન કરવામાં આવે છે ?

a) બેક્ટેરિયા
b) યીસ્ટ
c) ફૂગ
d) લીલ

17. વરસાદ રોકાયા બાદ ઇંદ્રધનુષ ક્યાં જોવા મળે છે ?

a) સૂર્યની વિરુદ્ધ દિશામાં જોવા મળે છે
b) કોઇ પણ દિશામાં જોવા મળે છે
c) સૂર્ય ન હોય તો પણ જોવા મળે છે
d) સૂર્ય તરફની દિશામાં જોવા મળે છે

18. તાજેતરમાં ગુજરાતના ક્યાં જિલ્લાના ઇચ્છાપોર પોલીસ સ્ટેશનને દેશના શ્રેષ્ઠ પોલીસ સ્ટેશનનો એવોર્ડ એનાયત કરાયો ?

a) અમદાવાદ
b) રાજકોટ
c) સુરત
d) વલસાડ

19. તાજેતરમાં ક્યા રાજ્યએ 'ગુનરી ઈનલૅન્ડ મેંગ્રોવ સાઇટ'ને પ્રથમ 'બાયોડાઈવર્સીટી હેરીટેજ સાઈટ' (BHS) તરીકે જાહેર કરી છે?

a) ગુજરાત
b) રાજસ્થાન
c) મહારાષ્ટ્ર
d) બિહાર

20. નીચેના વિધાનો પૈકી સાચું/સાચા વિધાન/વિધાનો પસંદ કરો.

1. ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં 13 જાન્યુઆરીથી 26 ફેબ્રુઆરી 2025 સુધી મહાકુંભ મેળાનું આયોજન કરાશે.
2. મહાકુંભ મેળો-2025ની થીમ 'ઈનટેન્જીબલ કલ્ચરલ હેરિટેજ ઓફ હ્યુમાનિટી' છે.
3. મહાકુંભ મેળાનું આયોજન 144 વર્ષ બાદ કરવામાં આવે છે.

a) માત્ર 1 અને 2
b) માત્ર 2 અને 3
c) માત્ર 1 અને 3
d) 1, 2 અને 3

21. વિન્ડોઝ XP કયા પ્રકારની ઓપરેટિંગ સિસ્ટમ છે ?

a) સિંગલ યુઝર, મલ્ટિ ટાસ્કિંગ
b) મલ્ટિ યુઝર, સિંગલ ટાસ્કિંગ
c) મલ્ટિયુઝર, મલ્ટિ ટાસ્કિંગ
d) સિંગલ યુઝર, સિંગલ ટાસ્કિંગ

22. Blog (બ્લોગ)નો સંબંધ કયા ક્ષેત્ર સાથે છે?

a) ઈન્ટરનેટ
b) પ્રિન્ટિંગ
c) સ્થાપત્ય
d) તબીબી વિજ્ઞાન

23. ડિસ્પ્લે કાર્ડ વડે કોને ડેટા મોકલાય છે ?

a) પ્રિન્ટર
b) મોનિટર
c) CD-ROM
d) પેન ડ્રાઈવ

24. નીચેના સમૂહમાં કયા શબ્દનો સમૂહ અન્યથી જુદો પડે છે?

a) ક્રિકેટ
b) હોકી
c) બાસ્કેટબોલ
d) બિલિયર્ડ્ઝ

25. નીચેની સંખ્યાઓના સમૂહમાં કઇ સંખ્યા જુદી પડે છે ?

a) 6,7,42
b) 4,3,14
c) 8,9,74
d) 2,3,8

26. નીચેના સમૂહમાં કયા શબ્દનો સમૂહ અન્યથી જુદો પડે છે?

a) રવીન્દ્રનાથ ટાગોર
b) અમર્ત્યસેન
c) સી.વી . રામન
d) D) ગાંધીજી

27. એક ટન એટલે કેટલા ગ્રામ થાય ?

a) 1000
b) 10000
c) 10,00,000
d) 1,00,000

28. 3, 8, 7, a, 4 અને 9 નો મધ્યક 6 હોય તો a ની કીંમત શોધો-

a) 7
b) 6
c) 5
d) ઉપરના પૈકી એકપણ નહીં.

29. કઈ રકમનાં 5% એ 200 થાય ?

a) 2000
b) 4000
c) 8000
d) 16000

30. પૌરાણિક ભારત દેશ માટે ક્યા શબ્દ/શબ્દોનો ઉપયોગ થાય છે ?

a) હિન્દુસ્તાન, લક્ષદ્વીપ
b) અખંડ ભારત
c) ભારત વર્ષ, ભરતખંડ, જંબુદ્વીપ, આર્યાવર્ત
d) અખંડ, આનંદ, પુરાણ

31. માહિતી મેળવાની અરજી સ્વીકાર્યાના કેટલા દિવસમાં અરજદારને માહિતી પૂરી પાડવી ફરજીયાત છે ?

a) 15 દિવસમાં
b) 30 દિવસમાં
c) 60 દિવસમાં
d) 90 દિવસમાં

32. ઈ.સ.1976માં બંધારણના 42માં સુધારા દ્વારા 'આમુખ'માં ક્યા શબ્દ ઉમેરવામાં આવ્યા ?

a) સમાજવાદી
b) બિનસાંપ્રદાયિક
c) ઉપરોક્ત બંને
d) એક પણ નહિ

33. રાષ્ટ્રપતિને અનુચ્છેદ-60 પ્રમાણે તેમના હોદ્દા માટે શપથ કોણ લેવડાવે છે ?

a) પ્રધાનમંત્રી
b) એટર્ની જનરલ
c) સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ
d) વડી અદાલતના ન્યાયમૂર્તિ

34. ગુજરાતમાં લોકસભાની કેટલી બેઠકો છે ?

a) 11
b) 182
c) 4
d) 26

35. સંસદના બન્ને ગૃહો તેમજ રાજ્યોની વિધાનસભાના ચૂંટાયેલા સભ્યોના બનેલા મતદાન-મંડળ દ્વારા કોની ચૂંટણી થાય છે?

a) લોકસભાના સ્પીકર
b) વડાપ્રધાન
c) ઉપરાષ્ટ્રપતિ
d) રાષ્ટ્રપતિ

36. રાજયસભાની રચનામાં માનનીય રાષ્ટ્રપતિ 12 સભ્યોની નિયુકતી કરી શકે છે. આ જોગવાઈ કયા આર્ટીકલમાં દર્શાવવામાં આવેલી છે?

a) 80
b) 77
c) 79
d) 81

37. જિલ્લા કલેક્ટર ગુજરાત સરકારના કયા વિભાગ હેઠળ કાર્ય કરે છે ?

a) કાયદા વિભાગ
b) સામાન્ય વહીવટ વિભાગ
c) કૃષિ વિભાગ
d) મહેસૂલ વિભાગ

38. TRAI કયા ક્ષેત્ર સાથે સંકળાયેલ નિયમનકારી સંસ્થા છે?

a) શેર બજાર
b) માહિતી અને ટેક્નોલોજી
c) દૂર સંચાર
d) આણ્વીયઉર્જા

39. સ્થાનિક સરકાર અથવા ગ્રામીણ સ્થાનિક સરકારના સંદર્ભમાં '3F'ની વિભાવનાનો અર્થ શું છે ?

a) ફંડીંગ, ફંક્શન્સ અને ફીડબેક
b) ફંડ્સ, ફંક્શન્સ અને ફંક્શનરીઝ
c) ફંક્શનીંગ, ફાસ્ટ અને ફેડ્સ
d) ફૉર્સીસ, ફીડબેક અને ફંડીંગ

40. ગુજરાત સરકારે નાગરિકોની ફરિયાદ નિવારણ માટે કયો પ્રોજેક્ટ અમલમાં મુક્યો છે ?

a) સ્વાગત પ્રોજેક્ટ
b) નો-કમ્પલેન કેમ્પેઈન
c) ઝીરો – કમ્પલેન
d) એક પણ નહિ

41. રાજ્ય વહીવટમાં E-Governance ઇલેક્ટ્રોનિક શાસન અપનાવવાથી કયા ફાયદા થયેલ છે?

a) ભ્રષ્ટાચારમાં ઘટાડો
b) ઝડપી કાર્ય અને કાર્ય સરળીકરણ
c) માહિતીની ત્વરિત આપ-લે
d) ઉપરના તમામ

42. 12મી ઓકટોબર, 2005ના રોજ કયો મહત્ત્વનો ધારો પસાર થયેલ ?

a) રાષ્ટ્રીય ગ્રામ્ય રોજગારી ગેરન્ટી ધારો
b) મોટર વ્હીકલ ધારો
c) માહિતી ટેક્નોલોજી ધારો
d) માહિતી અધિકાર ધારો

43. વર્ષમાં ઓછામાં ઓછી કેટલી વખત ગ્રામસભા બોલાવવી ફરજિયાત છે ?

a) ત્રણ
b) બે
c) એક
d) ચાર

44. કોઈપણ વિસ્તારમાં સ્થાનિક સ્વરાજની કઈ સંસ્થા કામ કરશે તેનો મોટો આધાર શેના પર છે ?

a) વસતીની સંખ્યા
b) વિસ્તારનું ક્ષેત્રફળ
c) વિસ્તારમાં આવાસની સંખ્યા
d) વિસ્તારની આવક

45. જિલ્લા ગ્રામ્ય વિકાસ એજન્સી (DRDA)ના ચેરમેન કોણ હોય છે?

a) જિલ્લા પંચાયત પ્રમુખ
b) કલેકટર
c) જિલ્લા વિકાસ અધિકારી
d) વિકાસ કમિશનર

46. ભારતમાં નીચેના પૈકી કઇ તારીખે દર વર્ષે પંચાયતી રાજ દિવસ મનાવવામાં આવે છે ?

a) 21મી એપ્રિલ
b) 24મી એપ્રિલ
c) 26મી એપ્રિલ
d) 2જી એપ્રિલ

47. "પંચાયત" એ કઇ કલમ અંતર્ગત રાજ્ય યાદીનો વિષય છે ?

a) અનુચ્છેદ-236
b) અનુચ્છેદ-246
c) અનુચ્છેદ-130
d) અનુચ્છેદ-269

48. ગુજરાતમાં કયા કાર્યક્રમ અંતર્ગત તાલુકા કક્ષાએ જનસેવા કેન્દ્ર ઊભું કરાયું છે ?

a) JSK
b) ATVT
c) DRDA
d) BDO

49. સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવેલી "મિશન ઇન્દ્રધનુષ" યોજના નીચેના પૈકી કઇ બાબત અંગેની છે?

a) રસીકરણ કાર્યક્રમ
b) પ્રાથમિક શિક્ષણ
c) નાના ઉધોગોને મૂડી સહાય
d) સોલાર પ્રોજેક્ટ

50. માહિતી અધિકારનો કાયદો ક્યારથી અમલી બન્યો?

a) તા. ૧૨ ઓક્ટોબર, ૨૦૦૫
b) તા. ૧૪ નવેમ્બર, ૨૦૦૫
c) તા. ૦૫ ડીસેમ્બર, ૨૦૦૫
d) તા. ૧૦ ડીસેમ્બર, ૨૦૦૫

51. રાષ્ટ્રીય પેન્શન યોજના (NPS) PFRDA દ્વારા અમલમાં મૂકવામાં આવી છે. PFRDAનું પૂરું નામ જણાવો.

a) પેન્શન ફંડ રેગ્યુલેટરી ડેવલપમેન્ટ ઓથોરીટી
b) પેન્શન ફંડ રેગ્યુલેશન ડેવલપીંગ ઓથોરીટી
c) પેન્શન ફંડ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરીટી
d) પેન્શન ફંડ રેગ્યુલેશન એન્ડ ડેવલપીંગ ઓથોરીટી

52. GMRC નું પૂરું નામ શું છે?

a) ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન
b) ગુજરાત મ્યુનિસિપલ રેલ કોર્પોરેશન
c) ગુજરાત મહાનગરપાલિકા રેલ કોર્પોરેશન
d) ગુજરાત મ્યુનિસિપલ રોડ કોર્પોરેશન

53. ગુજરાત સરકારની ઇ-ગવર્નન્સની કઇ પહેલ ગામડાના જમીન-દસ્તાવેજો (Land Record)ની સહેલાઇથી અને સુરક્ષિત રીતે ઉપલબ્ધી અને નિભાવનું લક્ષ્યાંક રાખે છે ?

a) સ્વાગત (Swagat)
b) ઈ ધરા (E-Dhara)
c) વિશ્વગ્રામ
d) જીવસ્વાન (GSWAN)

54. હિસાબી પદ્ધતિમાં આર્થિક વ્યવહારનો અર્થ શું છે?

a) નાણાંમાં થયેલી કોઈપણ વિનિમય ક્રિયા
b) ફક્ત સોના અને ચાંદીની વિનિમય ક્રિયા
c) ફક્ત બેન્ક ટ્રાન્ઝેક્શન
d) ફક્ત ચેક દ્વારા ચુકવણી

55. કેવી ગ્રામ પંચાયતને સમરસ ગ્રામ પંચાયત કહે છે ?

a) સૌથી વધુ સાક્ષરતા હોય
b) પાણી, સડક અને વીજળી ઉપલબ્ધ હોય
c) આર્થિક રીતે સ્વનિર્ભર હોય
d) સરપંચ સહિત બધા સભ્યો બિનહરીફ ચૂંટાય

56. નીચેનામાંથી કઈ બાબત શ્રેષ્ઠ નાણાકીય સમાવેશ (financial inclusion)ને વ્યાખ્યાયિત કરે છે?

a) દરેકને શેરબજારમાં પ્રવેશ મળે છે
b) દરેકને વિદેશી હુંડીયામણના બજારમાં પ્રવેશ મળે છે
c) દરેક વ્યક્તિનું ડિમેટખાતું હોવું
d) ઓછી આવક ધરાવતા લોકોને સસ્તા ખર્ચે બેન્કિંગ સેવાઓ પહોચાડવી

57. ક્યા હેતુ ઓડિટના ગૌણ હેતુઓમાં સામેલ છે?

a) વેપારનું આયોજન
b) બજેટ બનાવીને રજૂ કરવું
c) છેતરપિંડીઓ શોધવી અને થતી અટકાવવી
d) નાણાંકીય વિતરણ

58. નીચેનામાંથી કયો આંતરરાષ્ટ્રીય વેપારનો ફાયદો નથી ?

a) ઉપભોક્તા માટે પસંદગીને વિસ્તૃત કરે છે.
b) ઓછી કિંમતે સારી ગુણવત્તાવાળી વસ્તુઓ ઉપલબ્ધ કરાવે છે.
c) આવશ્યક ચીજોમાં એકબીજા પર દેશોની નિર્ભરતા
d) સ્થાનિક પેઢીઓ સ્પર્ધાત્મક બને છે

59. ........ એ વિવિધ મુક્તિ, કપાત, છૂટ અને રાહત દ્વારા કાયદા થકી પૂરા પાડવામાં આવેલ સંપૂર્ણ લાભ લઈને કર જવાબદારી ઘટાડવાનો એક માર્ગ છે.

a) કર આયોજન
b) કરચોરી
c) કર અવગણના
d) કરબોજ

60. CRISILનું મુખ્ય કાર્ય શું છે?

a) ઈન્શ્યોરન્સનું નિયમન
b) ક્રેડિટ રેટિંગ
c) હિસાબોની ચકાસણી
d) રોકાણની સલાહ

61. **'અશ્વ'** શબ્દ માટે આપેલ વિકલ્પોમાંથી સમાનાર્થી શબ્દ શોધો.

a) તોખાર
b) ગદર્ભ
c) ખર
d) અજ

62. 'પરમેશ્વર પાધરો તો વેરી આંધળો' કહેવતનો સાચા અર્થવાળો વિકલ્પ શોધો.

a) અંધશ્રધ્ધાથી ઈશ્વર પ્રાપ્ત થતા હોય તો બધા એમ જ
b) ભગવાન સૌને સુખ આપે છે
c) ઈશ્વરની કૃપા હોય તો કોઈ નુકસાન કરી શકે નહીં
d) ભકિત કરશો તો ભગવાન ફળશે

63. 'પિતૃ + ઔદાર્ય' ની આપેલ વિકલ્પોમાંથી સાચી સંધિ કઈ છે?

a) પિતૌદાર્ય
b) પિતૃ ઔદર્ય
c) પિત્રૌદાર્ય
d) પિત્રોદાર્ય

64. શબ્દસમૂહ માટે એક શબ્દ આપો: .'ડાબી હાથે પણ બાણ ફેંકી શકે તેવું'

a) ડાબોડી
b) બાણાવળી
c) ધનુર્ધર
d) સવ્યસાચી

65. 'હૈયું જાણે હિમાલય'. આમાં પ્રયોજેલ અલંકાર ઓળખાવો.

a) રૂપક
b) ઉત્પ્રેક્ષા
c) અનન્વય
d) ઉપમા

66. 'નાની વાતને મોટું સ્વરૂપ અપાઇ જવું' એવો અર્થ નીચેનામાંથી કયો રૂઢિપ્રયોગ સૂચવતો નથી?

a) કાગનો વાઘ થવો
b) આસમાની સુલતાની કરવી
c) રજનું ગજ કરવું
d) રાઈનો પર્વત કરવો

67. નીચેનામાંથી ક્યો શબ્દ સાચો છે ?

a) પૌરસ્ટ્સ
b) પાશ્ચિમાત્ય
c) પાશ્ચાત્ય
d) પર્વાત્ય

68. નીચેનામાંથી ક્યો સમાસ 'ઉપપદ' નથી ?

a) પાણીકળો
b) ભયંકર
c) ગોપાળ
d) ધનશ્યામ

69. 'મને સુંદર સ્વપ્ન આવ્યું' વાક્યમાં 'સુંદર' શબ્દની સંજ્ઞા ઓળખાવો.

a) જાતિવાચક
b) ભાવવાચક
c) વ્યક્તિ વાચક
d) દ્રવ્યવાચક

70. વિશેષણનો પ્રકાર ઓળખાવો-
પેલું ઘર કોનું છે ?

a) દર્શક વાચક
b) પ્રશ્ન વાચક
c) ગુણ વાચક
d) પ્રમાણ વાચક

71. નીચેના શબ્દો પૈકી ક્યો શબ્દ 'યાચક' નો વિરુદ્ધર્થી છે ?

a) દાતા
b) શેઠ
c) દેનાર
d) શ્રીમંત

72. છંદનો પ્રકાર વિકલ્પમાંથી શોધો .
આકાશે સંધ્યા ખીલી'તી માથે સાતમ કેરો ચાંદ

a) ઝૂલણા
b) દોહરો
c) હરિગીત
d) સવૈયા

73. નીચેનામાંથી કયો શબ્દ સમાનાર્થી નથી?
**"સોનું"**

a) હિરણ્ય
b) કનક
c) કામિની
d) હેમ

74. નીચેના વાક્યમાં વિશેષણ ક્યું છે?
'શંકરે ત્રીજું નેત્ર ખોલ્યુ.'

a) નેત્ર
b) ખોલ્યુ
c) શંકરે
d) ત્રીજું

75. "બંને બાજુને જોડનારી" શબ્દસમૂહ માટે એક શબ્દનો સાચો વિકલ્પ પસંદ કરો.

a) ઉભયાન્વયી
b) દ્વિજોડાણ
c) બાજુબંધ
d) બેજોડ

76. "જેનું શબ્દોમાં વર્ણન ન કરી શકાય તેવું" શબ્દસમૂહ માટે એક શબ્દનો સાચો વિકલ્પ પસંદ કરો .

a) નિઃશબ્દ
b) અનિર્વાચ્ય
c) અન્યમનસ્ક
d) પદહીન

77. 'તનુજ', 'તનય', 'આત્મજ 'માટે કયો પર્યાય યોગ્ય છે?

a) પુત્રી
b) પુત્ર
c) સ્વજન
d) પિતા

78. 'રમ્ય' નો વિરોધી શબ્દ આપો.

a) બીભત્સ
b) રૌદ્ર
c) અરમ્ય
d) સુરમ્ય

79. નીચેની જોડીમાંથી કઇ જોડી ખોટી છે તે શોધો.

a) બીવું-બીક
b) સડવું-સડો
c) શોભવું-શોભા
d) વળગવું-વાળગેલું

80. 'અથ' શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ જણાવો.

a) ઇતિ
b) જાતિ
c) અતિ
d) નીતિ

81. Fill in the blank.
The number of soldiers killed in the war ......... not large.

a) was
b) were
c) are
d) have to be

82. When I was a child, I ....... under this banyan tree.

a) were playing
b) have been playing
c) had been playing
d) were played

83. The phone ........... while I was cooking dinner.

a) rings
b) rang
c) rung
d) was ringing

84. Nidhi ____ paint nice pictures.

a) can
b) may
c) has
d) should

85. At present, I am busy; I will watch the TV ___.

a) later
b) yours
c) leter
d) letter

86. Give antonym of ‘Content’.

a) incontent
b) discontent
c) uncontent
d) ircontent

87. Fill in the blank.
I will follow you wherever you ........ .

a) will go
b) are going
c) go
d) went

88. ____ of these books is your favourite one?

a) What
b) Which
c) Why
d) Whose

89. Make sure you close all the window ......... it starts to rain.

a) after
b) before
c) if
d) for

90. Identify the antonym of 'Demon'.

a) Angle
b) Devil
c) Angary
d) Angel

91. Find the adverb in the following sentence.
This is good enough.

a) This
b) is
c) good
d) enough

92. Select Past form of 'to tread'

a) trode
b) trod
c) trodden
d) trodden

93. He was ............ Napoleon of his age.

a) the
b) a
c) an
d) none

94. Give adjective form of 'Enemy'.

a) enmity
b) enimical
c) inimical
d) enimic

95. The saying goes, "____ cooks spoil the food."

a) some
b) many
c) too many
d) few

96. Translate the following sentences into English:
“તમે કોઈ પણ કામ નિષ્ઠા વગર કરી નહીં શકો.”

a) You can do no work without sincerity.
b) You can not work sincerely.
c) You could not do any work with sincerity.
d) No work can you work without sincerely.

97. He is sympathetic ............ her.

a) to
b) at
c) for
d) With

98. Anita and I don't see ____ very often.

a) each other
b) used
c) ourselves
d) themselves

99. Fill in the blank.
........ I drop this glass, it will break.

a) As
b) Whether
c) If
d) Because

100. Isn't our civilization the ............civilization?

a) old
b) older
c) oldest
d) most old

## ROUGH WORK

**ROUGH WORK**